ગાંધીનગર સમાચાર
તા. ૫-૫-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

બીજા નિર્ભયાકાંડમાં ભીનું સંકેલવાના પ્રયાસો

છાશવારે છાપે અને ચેનલે ચડતા સામૂહિક બળાત્કાર તથા છેડતીના બનાવો પછી પણ કેન્દ્ર કે રાજય સરકારો નારી સુરક્ષાના સંવેદનશીલ મુદ્દા પર નીંભર બેજવાબદારી ભર્યો વહેવાર દાખવતી રહી છે એનો નેત્રદીપક દાખલો પંજાબના મોગા જિલ્લામાં બનેલી ઘટના છે. પંજાબની દેશનાં પ્રગતિશીલ અને અતિસમૃદ્ધ રાજયોમાં ગણતરી થાય છે. અહીં અકાલી દળની સરકાર છે, જે કેન્દ્રમાં રાજ કરતાં એનડીએ ગઠબંધનનું શિવસેના પછીનું સૌથી પુરાણું ઘટક છે. અત્યારે પંજાબમાં એક જ પરિવારનું એકચક્રી શાસન ચાલી રહ્યું છે. વંશ પરંપરાગત અને કૌટુંબિક શાસનના ચાલી રહ્યું છે. વંશ પરંપરાગત અને કૌટુંબિક શાસન પ્રખર વિરોધી નરેન્દ્ર મોદીને પણ અકાળી દળની આ જોહુકમી ચલાવી લેવી પડી છે. મુખ્યમંત્રી તરીકે વયોવૃદ્ધ સરદારજી પ્રકાશસિંહ બાદલ છે; ઉપમુખ્યમંત્રી તરીકે એમના સુપુત્ર સુખબીર સિંહ બાદલ છે, કેન્દ્રમાં અકાલીદળનું પ્રતિનિધિત્વ શુકબીરનાં ધર્મપત્ની હરસિમરતકૌર કરે છે. મજીઠિયા અઠક ધરાવતા વિવાદાસ્પદ નેતા આ પરિવારના વેવાઇ પક્ષમાંથી આવે છે - એ સુખબીરસિંહ બાદલના સાળા છે અને છેલ્લે ડ્રગ કૌભાંડમાં એમનું નામ ચમક્યું એ પહેલાં પણ એ ઘણી ગુનાઇત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે. જે ઘટનાએ બાદલ પરિવારની આબરૂના કાંકરા કરી નાખ્યા છે અને વડાપ્રધાન સહિત કેન્દ્રની ભાજપ નેતાગીરીને નીચાજોણું કરાવ્યું છે તે છે એકાદ અઠવાડિયા અગાઉ બાદલ પરિવારની બસમાંથી છેડતીનો વિરોધ કરનારી મા-દીકરીને ચાલતી બસે ધક્કા મારી રસ્તા પર ફેંકી દેવાની ગોઝારી અને શરમજનક બીના. સુખબીર બાદલની 'ઓર્બિટ' બસો છેલ્લાં આઠ વરસથી પંજાબમાં માર્ગવાહન વ્યવહારમાં મુકાયેલી છે. આવી જ એક બસમાં પ્રવાસ કરી રહેલ મા-દીકરી એન પુત્રને કેટલાંક અનિષ્ઠ તત્ત્વોએ એમની છેડછાડનો વિરોધ કરતાં બસની બહાર ફંગોળી દેતાં દીકરીનું મૃત્યુ થવાં પામ્યું હતું અને માતા ગંભીર રીતે ઘવાઇ હતી. મામલો મુખ્યમંત્રી પરિવારની બસ સાથે સંકળાયેલો હતો અને આવાં અનિષ્ઠ તત્ત્વોને બસના ડ્રાઇવર-કંડક્ટરનું પણ સમર્થન હતું. જયારે આ બાબત બહાર આવી ગઇ અને મીડિયા તેમજ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ એ મુદ્દે શેરીથી સંસદ ભારે હોબાળો મચાવ્યો ત્યારે એની કેન્દ્ર સરકારે ઉફરા મને નોંધ લીધી ખરી, પરંતુ બસના માલિક સામે એફ.આઇ.આર. નોંધવાની હિંમત પંજાબ પોલીસ દાખવી શકી નથી. ઊલટાનાં થાબડભાણાં કરી હઠે ચડેલા પીડિત પરિવારને વિવિધ સ્તરેથી ત્રીસ લાખ જેવી મોટી રકમનું વળતર અને પરિવારના એક સભ્યને નોકરી અપાવવાનું વચન આપી આખો કેસ દબાવી દેવાનો જ પ્રયાસ થયો છે. દિલ્હીમાં જે ઘટના બની હતી એના પડઘા દેશ અને દુનિયામાં પડ્યા હતા. એ પછી કાયદામાં અને સ્ત્રી વિષયક ગુનાઓમાં સજાની જોગવાઇમાં પણ ફેરફાર થયો હતો. અહીં તો સરકારમાં બેઠેલો પરિવાર જ ગુનેગાર છે, પરંતુ વાઘના મોઢાને લોહિયાળું કોણ કહે? જયારે ત્યારે મોદી સરકારને આવા સમર્થકો જ ડુબાડશે, એવું નથી લાગતું?

કેન્દ્રિય વિદ્યાલયના બાળકોએ સુંદર ચિત્રોના સર્જન દ્વારા કલેક્ટર કચેરીને સુશોભિત કરી

ગાંધીનગર, તા.૪

કોઇ પણ વ્યકિત કે પ્રજા પોતાના રસ, ઉર્મિ અને સંસ્કારને પોતાની રીતે અભિવ્યકત કરતી હોય છે. વ્યકત કરેલી અભિવ્યકિતને કલાનું નામ આપવામાં આવ્યું છે. બીજી રીતે કહીએ તો કલા એ સમાજની સંસ્કારીતાનું પ્રગટ રૂપ છે. જે તે યુગમાં તે સમયની સમૃધ્ધિ, વૈભવ, રસ અને રહેણી કરણી વગેરે કલાના સ્વરૂપમાં પ્રગટ થયેલી જોવા મળે છે. ખાસ તો આ બધું જે તે સમયનું સમાજજીવન, સંસ્કૃતિ, પ્રજા અને શાસકના દર્ષટિકોણ ઉપર અવલંબે છે. વિવિધ કલાઓમાં ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય, સંગીત અને નાટ્ય વગેરેનો સમાવેશ થાય છે.

સર્વ કલામાં ચિત્રકલાનું પણ અનોખું સ્થાન છે. તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારી છે. જે ઘરમાં તેની પ્રતિષ્ઠા કરવામાં આવે છે, ત્યાં પ્રારંભથી જ માંગલ્ય પ્રવર્તે છે. આવા જ ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જિલ્લા સેવા સદન ખાતે કેન્દ્રીય વિધાલય ૧, સેકટર ૩૦ના બાળકોને પ્રોત્સાહક તક આપીને તેમના દ્વારા સુંદર મજાના ચિત્રો દોરાવ્યા છે.

હાલમાં ગાંધીનગરના સેકટર ૩૦માં આવેલી કેન્દ્રીય વિધાલય ૧ ના ધોરણ ૭ થી ૧૦ના વિધાર્થીઓ પરીક્ષાના ભારમાંથી મુક્ત થઇ ગયા છે. પોતાનો વેકેશનનો સમય મજામસ્તી અને અન્ય જગ્યાએ ફાળવવાની જગ્યાએ બાળકો દ્વારા ગાંધીનગર જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે કચ્છનું મડ એન્ડ મીરર વર્ક, કેન્વાસ પેઇન્ટીંગ, વારલી પેઇન્ટીંગ, પેપર કિવીલીંગ, ગ્લાસ પેઇન્ટીંગ કરી રજ્ઝાં છે. બાળકોએ જિલ્લા કલેકટરશ્રીના રૂમમાં, જિલ્લા સેવા સદનના પ્રવેશ દ્વાર, પ્રથમ માળનું પ્રવેશ દ્વાર જેવી અનેક જગ્યાએ પોતાની ચિત્રકલાના સુંદર નમૂના રજૂ કર્યા છે.

આ તમામ બાળકોને કેન્દ્રીય વિધાલયના ડ્રોઇંગ શિક્ષક શ્રી પ્રવિણા મહિચા માર્ગદર્શન આપી રજ્ઝા છે. શ્રી પ્રવિણા મહિચાએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય વિધાલય ૧ના ચેરમેન તરીકે જિલ્લા કલેકટર શ્રી રવિશંકર છે. તેઓશ્રી શાળાની મુલાકાતે અવારનવાર આવતા હતા. તેઓ બાળકોના વિવિધ પ્રકારના ચિત્રોથી આકર્ષાયા હતા. તેમણે જિલ્લા સેવા સદન ખાતે આવા ચિત્રો દોરી શકાય એમ જણાવ્યું હતું. આ વાતને આચાર્ય શ્રી વિજય પ્રકાશ મિશ્રાએ સહર્ષ આવકારી હતી. બાળકોને પોતાની કલાનું પ્રદર્શન કરવાનું ઉત્તમ સ્થળ પણ મળી ગયું છે. તે ઉપરાંત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ દ્વારા પણ પૂરતો સહયોગ આપવામાં આવે છે. તેમજ બાળકોની પીઠ થાબડી ચિત્રના વખાણ કરી રજ્ઝાં છે.

બાળકોને કલાભિવ્યકિતની આવી ઉમદા તક મળવાથી તેઓ પણ ખૂબ ખુશ છે. મોટા ફલક પર ચિત્રકલાનું સર્જન કરવાથી તેમનો આત્મવિશ્વાસ ઘણો વધ્યો છે. વેકેશનના સમયમાં સર્જનાત્મક પ્રવૃત્તિ કરવા મળી તેથી તેઓ આનંદિત છે. વળી જિલ્લા વહીવટીતંત્રના વડા એવા જિલ્લા કલેકટર શ્રી રવિશંકર તથા તમામ અધિકારીઓ, મુલાકાતીઓ તરફથી તેમની કલાને પ્રોત્સાહન મળ્યું એમ તેમનું માનવું છે.

નૈત્રી સોની, મુસ્કાન, ફેનિલ, ડિમ્પલ, સુરભિ, અંજલિ, ઉમા, અનુ, ભૂમિકા, હિરલ, દુષ્ટાંત, તન્વી, મધુ, હીયા, જેની વગેરે ૧૫ બાળકોએ ઉત્સાહથી વિવિધ વિષયના ચિત્રો દોર્યાં છે. તેમણે ભ્રુણ હત્યા, પર્યાવરણ, વૃક્ષ બચાવો, વીજળીપાણી બચાવો, સામાજિક એકતા, કુદરતી દર્શ્યો વગેરે વિષયના ચિત્રો સુંદર રીતે દોર્યા છે.

શિક્ષણ બોર્ડ વડોદરા કચેરીને ટૂંકમાં ગાંધીનગરમાં લવાશે

ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષાનો પ્રસ્તાવ ઉડી ગયો, વિવિધ પાસા ઉપર ગંભીરતાપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આજે ગાંધીનગર ખાતે મળી હતી. અપેક્ષા મુજબ તોફાની બની ગયેલી આ બેઠકમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા રદ કરી શાળા કક્ષાએ લેવાનો આખો મુદ્દો જ ઉડાવી દેવામાં આવ્યો હતો. તેની જગ્યાએ ૬ જેટલા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં બોર્ડની વડોદરા સ્થિત કચેરીને ગાંધીનગર ખસેડવાનો નિર્ણય મહત્વપૂર્ણ હતો. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સ્થાપના પહેલા વડોદરાના ગાયકવાડ રાજમાં શિક્ષણ માટે ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમજ ગાયકવાડ રાજાઓ શિક્ષણના વિકાસ માટે મોટા પ્રમાણમાં ફંડની પણ વ્યવસ્થા કરી હતી. જે બાબતને ધ્યાનમાં રાખી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી વડોદરા ખાતે રાખવામાં આવી હતી. જો કે આ કચેરીને લાંબા સમયથી ગાંધીનગર ખસેડવા માટે માંગ કરવામાં આવી રહી હતી. ત્યારે આજે મળેલી શિક્ષણ બોર્ડની બેઠકમાં કચેરી ગાંધીનગર ખાતે ખસેડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ધોરણ-૧૦ અને ૧૨ની ઓપન સ્કુલના વિદ્યાર્થીઓ માટે માર્ચ મહિનામાં લેવાતી પરીક્ષા ઓકટોબર માસમાં જિલ્લા મથકોએ લેવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતીમાં રહી ગયેલ ખામીઓ દુર કરવા માટે તજજ્ઞ શિક્ષકો, આચાર્યો સંચાલકો અને બોર્ડના સભ્યોની એક સમિતિ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે ધોરણ-૧૦ની પરીક્ષા સ્થાનિક કક્ષાએ લેવા માટેનો પ્રિયવદન કોરાટનો પ્રસ્તાવને ૧૯૮૮ના બોર્ડની સામાન્ય સભાના એક ઠરાવ અન્વયે કારોબારી સમિતીએ રોક્યો હતો. તેમજ બોર્ડના સભ્યો ત્રણ જ પ્રશ્નો પુછી શકે તે મતલબના ઠરાવમાં સુધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એટલે કે આગામી સભાથી બોર્ઢના સભ્યો ગમે તેટલા પ્રશ્નો પૂછી શકે તેઓ નિર્ણય કરવામાં આવ્યો છે.

કોમ્પ્યુટર પરીક્ષામાં ગેરહાજર વિદ્યાર્થીઓને પણ માર્ક મળશે

અમદાવાદ, તા.૪

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કોમ્પ્યુટરની પરીક્ષામાં જાણકારીવના અભાવે કેટલાક વિદ્યાર્થીઓ ઘેરહાજર રહ્યા હતા ત્યારે આવા વિદ્યાર્થીઓને ગેરહાજર નહી ગણીને જુના કોર્ષમાં આવેલ પરીક્ષાના આધારે માર્ક આપી દેવાનો મહત્વપૂર્ણ નિર્ણય આજે શિક્ષણ બોર્ડની સામાન્ય સભામાં લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવામાં આવી હતી. આ બોર્ડની પરીક્ષામાં કોમ્પ્યુટરનાં પેપરમાં છબરડાના લીધે જુના અભ્યાસક્રમનું પૂછી દેવામાં આવ્યું હતું. જે અંગે સમગ્ર રાજયમાં મોટાપાયે હોબાળો થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા તાબડતોડ પરીક્ષા રદ કરીને ફરીથી પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

જો જાણકારીનાં અભાવે કેટલાક વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શક્યા ન હતા. જેનાં કારણે પરીક્ષાના ગુણને લઈને લાંબા સમયથી અટકળો ચાલી રહી હતી ત્યારે આજે ગાંધીનગર ખાતે મળેલી શિક્ષણ બોર્ડની સામાન્ય સભામાં બોર્ડના સભ્યો દ્વારા આ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો જેમાં ચર્ચા બાદ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ફરીથી લેવામાં આવેલ કોમ્પ્યુટર વિષયની પરીક્ષામાં ઘેરહાજર રહેલા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા દરમિયાન આવેલ જુના અભ્યસક્રમની પરીક્ષાના આધારે માર્ક આપીને ગેરહાજર નહી ગણવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જો કે બંન્ને પરીક્ષામાં ઘેરહાજર રહેલ વિદ્યાર્થીઓને આ મામલે કોઈ લાભ મળશે નહી જો કે આચ્ચર્યની વાત એ છે કે આટલો ગંભીર છબરડો કરીને વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં મુકનાર તેમજ બોર્ડને ફરીથી પરીક્ષા લઈ લાખો રૂપિયાનો નવો ખર્ચ કરવાની ફરજ પાડનાર અધ્યપકો સામે પગલા લેવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

હરિની દૃષ્ટિ...

જુનુ ફોર્મેટ મારવાનું કામ ચાલું છે... એટલે અત્યારે.. પાવર લાઈટ જ બતાવશે.. !! પછી આવો.. !!

ગાંધીનગરની શાંતિનિકેતન માધ્યમિક શાળાનું પરિણામ

- જુનિયર કે.જી.
  - ૧ કુરેશી અહમદ
  - ૨ વાઘેલા મિતરાજ
- સિનિયર કે.જી.
  - ૧ ગોહિલ જયરાજ
  - ૨ તેરવડીયા નિરવ
- ધોરણ-૧
  - ૧ ઠાકોર પૃથ્વીરાજસિંહ
  - ૨ નિનામા નેહા
- ધોરણ-૨
  - ૧ ડિંડોર રાજેન્દ્ર
  - ૨ ગોહિલ અભિ
- ધોરણ-૩
  - ૧ ખાંટ કેયુરસિંહ
  - ૨ દાણી આફિયાબાનું
- ધોરણ-૪
  - ૧ પટેલ આયુષી
  - ૨ ડામોર જ્યોત્સના
- ધોરણ-૫
  - ૧ ખાંટ પારસ
  - ૨ અખાડે હર્ષિતા
- ધોરણ-૬
  - ૧ ખાંટ હાર્દિકા
  - ૨ વસાવા જયદિપ
- ધોરણ-૭
  - ૧ રાવળ સુમિત
  - ૨ પગી સુરપાલસિંહ
- ધોરણ-૮
  - ૧ પ્રજાપતિ દર્શના
  - ૨ નિનામા ભરત
- ધોરણ-૯
  - ૧ પઠાણ સીમા
  - ૨ તરાર સિધ્ધરાજ

આપણા દેશમાં પશ્ચિમી સંસ્કૃતિના આગમન અને તેના આંધળા અનુકરણને પગલે સામાજિક વ્યવસ્થાના પાયા પણ ધરતીકંપ વખતે 'હાઇરાઇઝ બિલ્ડીંગ્સ્' ના પાયા હલે તે જ રીતે હચમચી ગયા છે

ધરતીની એક ત્રાડ, તમે શું કરી શકો?
હૈયે પડે તિરાડ, તમે શું કરી શકો?
પ્રત્યેક ખોપરીનો લઈ એક્સ-રે જુઓ તો
સરખી છે ચીર-ફાડ, તમે શું કરી શકો?
તૂટું તૂટું થતી છત મુંઝાઈને કહે છે
ઉઘડે નહિ કમાડ, તમે શું કરી શકો છો?
પગથી વળેલ ઘરને ટેકો દઈ ઉભેલા
પૂછી રહ્યાં છે ઝાડ, તમે શું કરી શકો છો?
ત્યાં કાટમાળમાંથી બાળક મળે છે રમતું
ઈશ્વર લડાવે લાડ તમે શું કરી શકો?

- કૃષ્ણ દવે

ધરતીકંપ, અતિવૃષ્ટિ, સુનામી જેવી કુદરતી આફતો આવે ત્યારે મનુષ્ય પોતાની જાતને અસહાય અને લાચાર માની કુદરતની સર્વોપરિતાનો સ્વીકાર કરે છે. જો કે આ હતાશામાંથી બહાર આવતાં જ એ ફરી પોતાની જાતને સર્વોસર્વા માનીને કુદરતની પરવા કરવાનું છોડી દે છે! હા, કુદરતી પ્રકોપના ભોગ બનેલાઓ આ નિરાશા ખંખેરી તેમાંથી બહાર આવે એ જ તેઓના માટે હિતાવહ છે. પરંતુ, મનુષ્ય ઠોકર ખાય ત્યાર બાદ જ ઈશ્વરની કે કુદરતની સર્વોપરીતાનો સ્વીકાર શા માટે કરતો હશે એ એક વિચારવાયોગ્ય બાબત છે! ત્યારે તે નાના બાળકની માફક આક્રંદ કરી મૂકે છે. ઈશ્વર પાસે પોતે કેટલો વામણો છે તેનો ખ્યાલ તેને આ પ્રકારની આફતનો ભોગ બન્યા બાદ જ સમજાય છે. જો કે આ સમજણ લાંબો સમય ટકતી નથી, માટે જ તો આપણા ગાંધીનગરના જ લેખક એવાં સંજય થોરાત લખે છે કે,

"આમ ભૂકંપના ઝાટકા આપીને
ડરાવીશ નહીં એ કુદરત,
અમે માણસ છીએ, સમજીશું ખરા
પણ અમે સુધરશું નહીં."

પણ આ ધરતીકંપ એ તો કુદરતી આફત હતી અને તેમાં વ્યક્તિ ઈશ્વરને ફરિયાદ પણ કરી શકે અને આજીજી પણ કરે! પણ જીવનમાં આવા ધરતીકંપના નાના-મોટા આંચકા દરેક વ્યક્તિના અંગત જીવનમાં આવે ત્યારે એ તકલીફનો સામનો તેણે જાતે જ કરવો પડતો હોય છે, એકલા હાથે ઝઝૂમવું પડતું હોય છે, જેમ કે, કોઈ સાવ અંગત વ્યક્તિનું અચાનક કે બિમારીના કારણે થયેલું અવસાન; એ આઘાત વ્યક્તિ માટે અસહ્ય હોય છે. તેના પગ તળે જમીન સરકી જાય છે. જે વ્યક્તિ તેના જીવનમાં સૌથી વધુ અગત્યનું સ્થાન ધરાવતી હોય, જેના પર તે સંપૂર્ણપણે નિર્ભર હોય, જેની હાજરીની વ્યક્તિને એક ટેવ પડી ગઈ હોય તે વ્યક્તિ આમ સાવ અચાનક ચાલી જાય ત્યારે તે શૂન્યમનસ્ક બની જાય છે. તે સાવ અવાચક્ બનીને વિચારે કે હવે શું? જીવન કઈ રીતે જીવાશે?

અને આવા સમયે ડોંગરેજી મહારાજ લખે છે તેમ તેની અંદરથી અવાજ સંભળાય છે તેની અંતરઆત્માનો ખુદ પરમાત્માનો :

"દરેક મનુષ્યને એક મિત્ર હોય છે
તે હંમેશ એને
ગુપ્ત મદદ કરતો જ રહે છે.
મનુષ્યને એ કહેતો હોય છે
કે, ધરતી ખેડવાનું કામ તારું,
વરસાદ વરસાવાનું કામ મારું...
બીજ વાવવાનું કામ તારું, અંકુર
પ્રગટાવવાનું કામ મારું... તું ખેતર
સાચવજે, હું અન્ન પકવીશ... તું
ભોજન કરજે, હું અન્ન
પચાવીશ" એ મિત્ર તે જ ઈશ્વર,
માનવજીવન એ ઈશ્વરનો
છૂટો પડેલો અંશ છે." અને જયારે આ પ્રકારનું આત્મબળ

તેને પ્રાપ્ત થાય ત્યારે તેના જીવનમાં આવેલા ભૂચાલના એ આંચકાની ગોઝારી અસરમાંથી ધીરે ધીરે બહાર આવી જાય છે. પોતાના નિત્યકર્મમાં ફરી વ્યસ્ત બની જાય છે અને નિરાશા તેમ જ હતાશાને સાવ જ ખંખેરી નાખે છે અને જીવનની ગતિને આગળ ધપાવે છે જો કે, જીવનનિર્વાહ માટે તે આવશ્યક પણ છે તેમ છતાં એક ડંખ તેના મનમાં સતત રહ્યા કરે છે, એકલતા તેનો મનને કોરી ખાય છે. તે પોતાના મનને વ્યસ્ત રાખે છે તેમ છતાં તેના જીવનના એ અગત્યના વ્યક્તિની વિદાયનો આંચકો તેના હૈયે કયારેક ન રૂઝાય એવા કારમા ઘા સમાન બની રહે છે!

આપણા દેશમાં પશ્ચિમી સંસ્કૃતિના આગમન અને તેના આંધળા અનુકરણને પગલે સામાજિક વ્યવસ્થાના પાયા પણ ધરતીકંપ વખતે 'હાઈરાઈઝ બિલ્ડીંગ્સ્' ના પાયા હલે તે જ રીતે હચમચી ગયા છે. પરિણામે, સમાજમાં યુવા વર્ગમાં ડિપ્રેશનનું પ્રમાણ ખૂબ મોટા પ્રમાણમાં વધતું જોવા મળ્યું છે. દેખાદેખી અને આંધળો ખર્ચ કરીને મોર્ડન લાઈફ સ્ટાઈલ અપનાવવાને કારણે વ્યક્તિ સતત પોતાની જાતને સાબિત કરવામાં, પોતાની એક ઓળખ પામવામાં અને તેને પ્રસ્થાપિત કરવામાં દિવસ-રાત એક કરીને મહેનત કરે એ સમજી શકાય તેવી અને સકારાત્મક બાબત છે પણ તેના બદલે યુવાવયના લોકો વધુને વધુ મહાત્ત્વાકાંક્ષી બની પોતાની સાદી જીવનશૈલી પણ સારી રીતે માણી શકતા નથી. કંઈક વધુ મેળવવાની હોડમાં જે તેની પાસે છે તેને પણ તે સારી રીતે માણી શકતો નથી. અને આ તમામ પરિબળોને કારણે ધીરે-ધીરે તેના મનમાં રહેલો તનાવ અને સ્ટ્રેસ તેને કયારે Severe depressionનો શિકાર બનાવી દે છે તેનો અંદાજ કે અહેસાસ વ્યક્તિને ખુદને પણ રહેતો નથી! નિરાશા અને હતાશાની ઊંડી ખીણમાં તે વધુ ને વધુ ઊંડો ધસતો જ જાય છે! આવા સમયે વ્યક્તિના પરિવારજનોને જયારે આ બાબતની જાણ થાય ત્યારે તેમના માથે જાણે આભ ફાટ્યું હોય તેની પરિસ્થિતિ સર્જાય છે. ગુજરાતમાં કે નેપાળમાં આવેલા ધરતીકંપ જેવો જ ભયંકર આંચકો, યુવાનોના માનસિક રોગનો શિકાર બનવાથી, તેમના પરિવારજનોને અનુભવાય છે. તેમાંય આપણા દેશમાં માનસિક રોગીને ઓળખવાની બાબતમાં તેમ જ તેમની તકલીફોને સમજવાની બાબતમાં નિરાશાજનક માનસિકતા જોવા મળે છે ત્યારે વ્યક્તિ અસહાય બનીને ચિત્કારી ઊઠે છે, તેને પોતાની ભૂલનો અહેસાસ આવા સમયે જ થાય છે.

"ભગવાન હોય, તો આટલી અભદ્રતા કેમ?
આ બધું શું તમારું જ સર્જન છે?
તમે આવા નિષ્ઠુર છો, પ્રભુ?
કે આ બધું અમારું સર્જન છે?
અમારી લાલસા અને મિથ્યાભિમાન
મત, આગ્રહ અને વિચારો
અમારો ભય અને અમારું અહં
અમારી મહત્વાકાંક્ષા, સત્તામોહ
સાચીખોટી તરકીબો રચતું મન
અમારી મૂર્ખતા, ટૂંકી દૃષ્ટિ અને આત્મકેન્દ્રી વલણ
આ બધું લઈને અમે દુનિયામાં ચાલ્યાં છીએ."

રોજબરોજના જીવનમાં આવા નાના-મોટા આંચકાઓ આપણને ઢંઢોળે છે, આપણા અંતરઆત્માને જાગૃત કરે છે. નોકરી-ધંધામાં આવતું મોટું નુકશાન, પતિ-પત્નીના સંબંધોમાં તિરાડ, ઘરની કોઈ એક વ્યક્તિની ખૂબ લાંબા સમયની માંદગી એમ અનેક પ્રકારના ધરતીકંપના આંચકા વ્યક્તિ પગ નીચેથી જમીન સરકાવી દેતા હોય છે પણ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને મહેનત કરવાની લગન સાથે તે સતત પ્રયત્નશીલ બની રહે છે. જીવનમાં બનતી દુ:ખદ ઘટનાઓને ભૂલીને આગળ વધતા શીખે છે. હા, આવા અણધાર્યા આઘાતથી તેની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ચોક્કસપણે વધુ સુદૃઢ બને છે અને જીવનને તે એક નવા જ દૃષ્ટિકોણથી મૂલવતાં શીખે છે. કવિ ઉશનસ્ લખે છે તેમ,

"ભરતી વિશે ઊભરાય ખાડી, ખાંજણો યે આંકળી;
- ના, તે નહીં.
ને ઓટમાં એ હાડપિંજર ગળી લો પાંસળીએ પાંસળી;
- તો યે નહીં.
ઓટ ને ભરતી ઉભય સંધાય જે ક્ષણ
- તે સમુંદર જિંદગી!

તો આવો, આપણી આસપાસ રહેલી વ્યક્તિના જીવનમાં આવા કંપન આવે ત્યારે તેની પાસે રહીને તેને સાંત્વના આપીએ, હિંમત આપીએ અને આપણા આ જન્મના ઋણાનુબંધમાંથી મુક્તિ પામીએ. કારણ કે, ગાંધીજી કહેતા કે,

"ન બોલે તેને બોલાવજે, જે ન આવે તેને ઘેર જજો,
જે રિસાય તેને રીઝવજો;"
ને બધું તમારા ભલાને સારું કરજો!
જગત લેણદાર છે,
આપણે તેના કરજદાર છીએ."